# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GOVT-LPG

ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં ફરીથી ૨૯ રૂપિયાનો વધારો કરાયો છે.913 રૂપિયામાં મળતાં  સિલિન્ડરનો ભાવ  હવે વધીને 942 થયો છે. છેલ્લા ત્રણ મહિનામાં આ બીજો ભાવ વધારો છે.

દરમિયાન સરકારે આજે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરે LPGના ભાવમાં તીવ્ર  વધારો થયો હોવા છતાં, ભારતીય ઘરોને વૈશ્વિક સ્તરે સૌથી ઓછા ભાવે રાંધણ ગેસ મળી રહ્યો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે ભારતીય સિલિન્ડર કોઈપણ પડોશી દેશ કરતાં સસ્તા છે અને અમેરિકા , ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા વિકસિત અર્થતંત્રો કરતાં નોંધપાત્ર રીતે ઓછા છે

પશ્ચિમ એશિયા કટોકટી દરમિયાન ઉર્જા સુરક્ષા પગલાં પર પ્રકાશ પાડતા, સરકારે કહ્યું કે ભારત એવા થોડા દેશોમાંનો એક છે જેમણે દરિયાઈ પરિવહનમાં વિક્ષેપો છતાં હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ઉર્જા કાર્ગોની અવરજવર જાળવી રાખવામાં સફળતા મેળવી છે. દેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની કોઈ અછત નથી, અને LPG બોટલિંગ અને વિતરણ પ્રવૃત્તિઓ સામાન્ય રીતે ચાલુ છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે વિક્ષેપના સમયગાળા દરમિયાન સ્થાનિક LPG ઉત્પાદનમાં 60 ટકાથી વધુનો વધારો થયો છે, જ્યારે અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અન્ય દેશોમાંથી પણ પુરવઠો મેળવવામાં આવ્યો છે.

# SURAT DEATH

સુરતમાં ટાંકીમાં ઉતરેલા ચાર સફાઇ કર્મચારીના ગૂંગળામણને કારણે મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે અશ્વિનીકુમાર વિસ્તારમાં ETP પ્લાન્ટની ચેમ્બરમાં ઉતરેલા 4 સફાઇ કર્મીના ફસાયા હતા. ઘટનાને પગલે ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી જોકે ગૂંગળામણથી ચારેય લોકો મોતને ભેટ્યા હતા.

આ અંગે  ફાયર ઓફિસર રણજીતસિંઘએ વધુ માહિતી આપી

## (બાઈટ – રણજીતસિંઘ)

# AHMEDABAD CYCLOTHON

ફિટનેસ, ટકાઉપણું અને સમુદાય ભાગીદારીની રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં, ભારતીય રમતગમત સત્તામંડળે વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે સન્ડે ઓન સાયકલનું આયોજન કર્યું. જેમાં અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, જયપુર, અને બિકાનેર ખાતે મુખ્ય ઉજવણીનું આયોજન કરાયું, જેમાં નાગરિકો, રમતવીરો, અધિકારીઓએ ભાગ લીધો.

અમદાવાદના મેયર હિતેશ બારોટે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એક હજારથી વધુ સાયકલ સવારો સાથે સાયક્લોથોનને લીલી ઝંડી આપી હતી.

# CHHOTAUDEPUR - "SUNDAY ON CYCLE"

છોટાઉદેપુરમાં ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત જિલ્લા પોલીસ દ્વારા "Sunday on Cycle" કાર્યક્રમ યોજાયો.

જિલ્લા પોલીસ વડા આઇ.પી.એસ ઇમ્તિયાઝ શેખની આગેવાની હેઠળ યોજાયેલી આ સાયકલ રેલીમાં જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ખાખી વર્દી વગર, સ્પોર્ટ્સ અને સિવિલ ડ્રેસમાં ફિટનેસના રંગે રંગાયેલા જોવા મળ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પોલીસ વડાએ આ મુજબ જણાવ્યું..

## (બાઈટ: ઈમ્તિયાઝ શેખ,જિલ્લા પોલીસ વડા)

# MEHSANA PM 12 YEARS

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ નિમિત્તે મહેસાણા જિલ્લામાં 12 થી 20 જૂન દરમિયાન 'જનકલ્યાણ શિબિર'નું આયોજન કરાયું છે. જેમાં વિવિધ 42 સ્થળોએ કાર્યક્રમો યોજાશે. આઆ દરમિયાન કેન્દ્ર સરકારની કુલ 15 યોજનાઓ તેમજ રાજ્ય સરકારની 55થી વધુ યોજનાઓ અને સેવાઓનો લાભ એક જ સ્થળેથી નાગરિકોને ઉપલબ્ધ કરાવાશે.

# TAPI BHUKAMP

તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં આજે ભૂકંપનો આંચકો અનુભવાયો. સવારના અરસામાં અંતાપુર ગામ સહિતના આસપાસના વિસ્તારમાં આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 2.7 જેટલી નોંધાઈ હતી. જોકે બનાવમાં કોઈ જાનહાનિ નહીં કે નુકશાન થયાના અહેવાલ નથી.

# MEHSANA PM 12 YEARS

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ નિમિત્તે મહેસાણા જિલ્લામાં 12 થી 20 જૂન દરમિયાન ‘જનકલ્યાણ શિબિર’નું આયોજન કરાયું છે. જેમાં વિવિધ 42 સ્થળોએ કાર્યક્રમો યોજાશે. આઆ દરમિયાન કેન્દ્ર સરકારની કુલ 15 યોજનાઓ તેમજ રાજ્ય સરકારની 55થી વધુ યોજનાઓ અને સેવાઓનો લાભ એક જ સ્થળેથી નાગરિકોને ઉપલબ્ધ કરાવાશે.

# ITI COURSE

રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કૃત્રિમ બુદ્ધિમત્તા-AI થી લઇ ઇલેક્ટ્રીક વ્હીકલ-EV માટે નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ નવા અભ્યાસક્રમોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ, ડ્રોન પાયલોટ, સોલાર ટેક્નિશિયન (ઇલેક્ટ્રિકલ), ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, મિકેનિક ઇલેક્ટ્રિક વ્હીકલ, એડિટિવ મેન્યુફેક્ચરિંગ ટેક્નિશિયન અને સ્માર્ટફોન ટેક્નિશિયન-કમ-એપ ટેસ્ટર જેવા અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું કે, “નવીનીકરણીય ઊર્જા, ઇલેક્ટ્રિક મોબિલિટી, ઓટોમેશન, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડિજિટલ ટેક્નોલોજી જેવા ઝડપથી વિકસતા ક્ષેત્રો માટે કુશળ માનવબળ તૈયાર કરવા આ અભ્યાસક્રમો શરૂ કરાયા છે.